# જુનાડીસા સિધ્ધાંમ્બિકા મંદિરે પરંપરાગત પલ્લીની પ્રદક્ષિણા



ડીસા, તા. ૨૬

કોરોનાના કારણે તહેવારોની ઉજવણી ઉપર સરકારે પ્રતિબંધ લગાવી દીધો છે. ગુજરાતની ઓળખ ગણાતી નવરાત્રીમાં પણ શેરી ગરબાને શરતી છૂટ આપી હતી. જેના કારણે મંદિરોમાં નવરાત્રીની ઉજવણી થઈ ન હતી. જો કે ડીસા નજીકના જુનાડીસા ગામે આવેલ ઐતિહાસિક સિધ્ધાંમ્બિકા માતાના મંદિરે આસો સુદ નોમના રોજ નીકળતી પલ્લી પંથકમાં વખણાય છે પણ આ વખતે સરકારની ગાઈડલાઈન મુજબ મર્યાદિત લોકોની હાજરીમાં પલ્લીની વિધિ યોજાઈ હતી. ત્યારબાદ પલ્લી ગામ પ્રદીક્ષિણા કરી નિજ મંદિરે પરત ફરી હતી. જ્યાં સમગ્ર વિશ્વ કોરોના મુક્ત બને તેવી માતાજીને પ્રાર્થના પણ કરાઈ હતી. શાંતિભર્યા માહોલમાં પલ્લીની વર્ષો જૂની પરંપરા જળવાઈ રહેતા આસ્થાની જીત થઈ હતી.



**ખેડબ્રહ્મામા નવીન માર્કેટ યાર્ડ ખાતે મગફળી ખરીદ કેન્દ્ર શરૂ કરાયુ**

ખેડબ્રહ્મા ખાતે સ્ટેટ હાઈવે પર બનાવવામાં આવેલ નવીન એપીએમસી ખાતે સંસ્થાના ચેરમેન જસુભાઈ પટેલના હસ્તે ટેકાના ભાવે મગફળી ખરીદ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું હતું. મગફળી ઓનલાઈન રજીસ્ટ્રેશનમાં કુલ ૩૧૬૭ ખેડૂતોએ નોંધણી કરવી હતી જેમાં સોમવારે ૧૩ ખેડૂતોએ મગફળી તોલાવી હતી. ખેડૂતો માટે ૪૦ હજાર બારદાનની વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રસંગે પ્રાંત અધિકારી એચ.યુ. શાહ ઉપસ્થિત રહ્યા હતા.

# સાસુ પુત્રવધુને પુત્ર પ્રાપ્તી માટે મહેણાં ટોણા મારતાં વહુએ સાસુની હત્યા કરી

**સાસુની હત્યા કરનાર પુત્રવધુ અને પુત્રને ગણતરીના કલાકોમાં ઝડપતી માલપુર પોલીસ**

મોડાસા, તા. ૨૬

માલપુર તાલુકાના ભેમપોડા ગામના કુવામાંથી વૃધ્ધાનો મૃતદેહ શુક્રવારે મળી આવતાં પંથકમાં ચકચાર મચી હતી અને વૃધ્ધાએ કયા કારણોસર કૂવામાં ઝંપલાવી મોતને વ્હાલુ કર્યું તેની ચર્ચાઓ પંથકભરમાં ચગદોળે ચડી હતી. ત્યારે વૃદ્ધાનું મોત અકસ્માત નહી પરંતુ આયોજનપૂર્વક કરાયેલ હત્યાનું કાવતરૂ હોવાનું અને વૃદ્ધાની હત્યા તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેની પુત્રવધુએ જ કરી હોવાનું બહાર આવતા અને માતાની લાશને સગેવગે કરવામાં તેના પુત્રએ પત્નીને સાથ આપ્યો હોવાનું બહાર આવતા પુત્ર સામે ફીટકાર વરસ્યો હતો. માલપુર પોલીસે વૃધ્ધ સાસુના હત્યાના ગુનામાં પુત્રવધુ અને પુરાવા નાશ કરવામાં મદદ કરનાર સાગરીત એવા પુત્ર વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. માલપુર પીઆઈ એફ.એલ. રાઠોડ અને તેમની ટીમે હત્યારી પુત્રાવધુ અને પુત્રાને ગણતરીના કલાકોમાં ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

માલપુર તાલુકાના ભેમપોડા ગામે જમકુબેન શનાભાઈ ખાંટ તેમના પુત્ર સોમાભાઈ અને તેની પત્ની મીનાક્ષીબેન સાથે રહેતા હતા. પુત્રવધુ મીનાક્ષી સાથે વૃદ્ધાને કામકાજ અંગ ઝગડા થતા હોવાથી અને તેમના પુત્રના ઘરે પારણું ન બંધાતા વારંવાર પુત્રવધુ



મીનાક્ષીબેનને મહેણાં ટોણા મારતા હોવાથી ગૃહકંકાસ વધી જતા ઝગડાથી કંટાળેલ પુત્ર સોમાભાઈ અને તેની પત્ની મીનાક્ષીએ જમકુબેનને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધા હતા. માતાની અને સાસુની હત્યા છુપાવવા પુત્ર-પુત્રવધુએ વૃદ્ધાની લાશને ગામ નજીક કુવામાં નાખી દઈ જાણે કઈ જ ન બન્યું હોય તેમ ઘરે આવી ગયા હતા અને રાબેતા મુજબ કામકાજ શરુ કરી દીધું હતું. આ ચકચારી હત્યા પ્રકરણે વધુ તપાસ જિલ્લા એલસીબી પોલીસને સોંપાતા જ ઈન્સ્પેકટર આર.કે. પરમાર સહિતની ટીમે તેમજ એફએસએલ ટીમે ઘટનાસ્થળે મુલાકાત લીધી હતી.

માલપુર પીઆઈ એફ.એલ. રાઠોડ અને તેમની ટીમે હત્યારી પુત્રવધુ અને પુત્રને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કરી ગણતરીના કલાકોમાં ભેમપોડા ગામ નજીકથી પુત્ર સોમાભાઈ શનાભાઈ ખાંટ અને પુત્રવધુ મીનાક્ષીબેન સોમાભાઈ ખાંટને દબોચી લઈ હત્યાનો ભેદ ઉકેલી નાખી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા.

# દાંતાના કુડેલ ગામેં દબાણ હટાવતા વીજ થાંભલો પડતાં પોલીસ જવાનને ઈજા



દાંતા તાલુકાના કુડેલ ગામમાં ઘણા સમયથી દબાણનો પ્રશ્ર્ન ગુચવણમાં હતો પરંતુ એક જ શેરીમાં દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી જેને લઈ લોકોમાં રોષ છવાયો હતો પણ પોલીસ બંદોબસ્ત હોઈ સવારથી જ દબાણ હટાવવાની કામગીરી ચાલુ કરવામાં આવી હતી. આ દરમ્યાન પરમિશન વગર વર્ષો જુનું ઝાડ જેસીબી દ્વારા તોડતા અચાનક વીજ થાંભલો ધરાશાઈ થતાં એક પોલીસ ઘવાયો હતો. જેથી ત્યા હાજર રખાયેલ ૧૦૮ મોબાઈલ વાન દ્વારા તેમને દાંતા સીવીલ ખસેડાયો હતો પણ વધુ ઈજા હોઈ ત તેમને તાત્કાલિક સારવાર અર્થે પાલનપુર ખસેડવામાં આવ્યા હતા. જોકે સ્થાનિકોમાં ચર્ચાઓ મુજબ દબાણની કામગીરીમાં પણ વ્હાલા-દવલાની નીતિ અપનાવાઈ રહી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

# ગાંધીનગર સાયબર ક્રાઈમ રેંજની ટીમ ભિલોડામાં ત્રાટકી

**ઘરમાં રમાડતા આઈપીએલ સટ્ટાનો પર્દાફાશ : મહારાષ્ટ્રના ૪ શખ્સો સાથે ૫.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત**

ભિલોડા, તા. ૨૬

આઈપીએલની ક્રિકેટ મેચમાં અરવલ્લી જીલ્લામાં દરેક મેચમાં લાખ્ખો-કરોડો રૂપિયાનો સટ્ટો રમાઈ રહ્યો છે, ઓનલાઈન સટ્ટામાં અનેક યુવાનો વ્યાજે રૂપિયા લઈ દાવ પર લગાવી વ્યાજના વિષચક્રમાં બરદાદ થઈ રહ્યા છે. ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમાડતા અનેક બુકીઓ વિવિધ સોશ્યલ મીડિયા એપ્લિકેશન મારફતે સટ્ટો રમાડી રહ્યા છે ત્યારે ગાંધીનગર સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની રેન્જની ટીમે અરવલ્લી પોલીસતંત્રને ઉંઘતુ રાખી ભિલોડા તાલુકાના ભુતાવડ ગામના અને મહારાષ્ટ્ર રહેતા મીતેન રમેશ પરમાર (દરજી) અન્ય ત્રણ મહારાષ્ટ્રના બુકીઓ સાથે મળી તેના ઘરમાં આઈપીએલ મેચ પર સટ્ટો રમાડતો હોવાની બાતમી મળતા ત્રાટકી ચારે શખ્સોને ઝડપી લઈ સટ્ટો રમાડવા ઉપયોગમાં લેવાઈ રહેલા ૧૨ મોબાઈલ સહીત ૫.૪૬ લાખનો મુદ્દામાલ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરતા સ્થાનિક પોલીસમાં ભારે દોડધામ મચી હતી.

ગાંધીનગર રેન્જ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન.બી. ચૌધરી અને તેમની ટીમે બાતમીના આધારે ભિલોડા તાલુકાના ભુતાવડ ગામે રેડ કરી લાખ્ખો રૂપિયાના મુદ્દામાલ સાથે આઈપીએલ મેચ પર રમતા-રમાડતા સટ્ટાનો પર્દાફાશ કર્યો હતો. પીએસઆઈ ચૌધરી અને તેમની ટીમે ભુતાવડ ગામના અને મહારાષ્ટ્ર રહેતા મીતેન રમેશભાઈ પરમાર (દરજી)ના ઘરે ત્રાટકી ત્રણ બુકીઓ આઈપીએલની મુબંઈ ઈન્ડીયન્સ અને રાજસ્થાન રોયલ્સ ક્રિકેટ ટીમો વચ્ચે રમાઈ રહેલ ૨૦-૨૦ ક્રિકેટ મેચના જીવત પ્રસારણ ઉપર સેશન તથા મેચની હારજીતના ક્રિકેટ મેચ પર દાવ ઉપર મોબાઈલ ફોન તેમજ લેપટોપ ઉપર પૈસાની હારજીતનો ઓનલાઈન ક્રિકેટ સટ્ટાનો જુગાર રમતા રમાડતા ઝડપી પાડ્યા હતા. સટ્ટાનો ઉપયોગમાં લેવાઈ રહેલ ક્રિકેટ સટ્ટા જુગારના સાહિત્ય મોબાઈલ ફોન નંગ -૧૨ કિ. રૂ .૧૨,૮૦૦, રોકડ રકમ રૂપિયા ૧૩,૩૮૫, લેપટોપ, ટીવી, અર્ટિગા કાર સહિતનો કુલ રૂ.૫૪૬૯૮૫નો મુદ્દામાલ જપ્ત કરી મીતેન રમેશભાઈ પરમાર



(દરજી), અર્જુન વિશ્વંભર શકારામ નાંદરે, આશિષ પુષ્કરભાઈ ભટ્ટ, (મૂળ રહે. ભેંશયાપૂર ટાવર પાસે, વિસનગર) અને કિશોર મનશુખલાલ શાહ(મૂળ રહે. કામલીયા ભંડારીયા, પાલીતાણા) અને (હાલ ચારે રહે. મહારાષ્ટ્ર)ની ધરપકડ કરી ૪ સટ્ટોડીયા સામે જુગારધારા અને આઈટી એક્ટ કલમ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળા ખાતે દુર્ગાષ્ટમી નિમિત્તે હવન-યજ્ઞ



ભિલોડા,તા.૨૬

બોલુન્દ્રા શ્રી કૃષ્ણાશ્રમ સંસ્કૃત વૈદિક પાઠશાળામાં પરમ પુજ્ય અગ્નિહોત્રી આત્રેયભાઈ વ્યાસના સાનિધ્યમાં દુર્ગાષ્ટમી નિમિત્તે હવન-યજ્ઞ ભક્તિ ભાવ સાથે સંપન્ન કર્યો હતો.અનેરા અલૌકિક ભક્તિમય માહોલમાં આદ્ય શક્તિના આરાધકો દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. પરમ શ્રદ્ધધ્યેય પરમ પુજ્ય કૃષ્ણારામ દાદા,અગ્નિહોત્રી શુકદેવજી દાદાના પાવન આશ્રમની સર્વત્ર એક અલગ જ સુવાસ હોય છે.! અનેક વિધ માનવીય સેવાઓ માટે અન્નક્ષેત્ર સહિતની સેવાકીય પ્રવૃત્તિઓથી ધમધમતા સંકુલમાં સંસ્કૃત વૈદિક પાઠશાળામાં છાત્રો વેદાભ્યાસ કરતા નિહાળીને ગુરૂકુલની યાદ આવી જાય તેવો અદ્ભુત માહોલ અંતરમનને પ્રસંન્નતાથી ભરી દે છે. અલબત્ત, આ વર્ષે છેલ્લા ૬ માસથી શિક્ષણ કાર્યને કોરોના વાઈરસનું ગ્રહણ લાગ્યું હોઈ ત્યારે પણ આ સંસ્કૃતિ અને સંસ્કૃત પાઠશાળાની સુવાસ અંકબધ્ધ છે.

# દિયોદરના જાડી ગામે માતાજીની આરતી મુદ્દે યુવક ઉપર હુમલો

**ગામના જ ચાર સામે પોલીસ ફરીયાદ**

દિયોદર તાલુકાના જાડી ગામે માતાજીના આરતીમાં હાજર રહેવાને લઈ એક વ્યક્તિ ઉપર હુમલો થયો હોવાની ફરીયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ગતરોજ કોઈ કારણસર બબાલને અંતે ગઈકાલે માતાજીના આરતીમાં હાજર ન રહેવા ફરીયાદીને જણાવાયુ હતુ. જોકે ફરીયાદીના કુટુંબનો વારો આવ્યો હોવાથી તેઓ આરતીમાં જતાં ગામના વ્યક્તિઓએ તેમની ઉપર છરી વડે જીવલેણ હુમલો કરી મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરીયાદ દિયોદર પોલીસ મથકે નોંધાઈ છે. આ તરફ પોલીસે ફરીયાદને આધારે વધુ તપાસ હાથ ધરી છે.

બનાસકાંઠા જીલ્લાના દિયોદર તાલુકાના જાડા ગામે ગતરાત્રે યુવક ઉપર આરતીની બાબતે હુમલો થયો હતો. ૪૦ વર્ષિય પ્રકાશકુમાર જીવણલાલ બારોટ જાડા ખાતે રહી ખાનગી નોકરી કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત. તા. ૨૩-૧૦-૨૦ના રોજ સાંજે તેમના ફોઈ સાથે ગામના હાર્દિક રતીલાલ બારોટે હાથ પકડી છેડતી કરી હતી. જે બાદમાં કુટુંબીજનોએ ભેગા મળી સમાધાન કર્યુ હતુ. જોકે ગઈકાલે સવારે હાર્દિકે પ્રકાશભાઈને કહેલ કે આજે સાંજે ગરબીની આરતીમાં તુ આવતો નહી. નહીતર મજા નહી આવે. જે બાદમાં પ્રકાશભાઈ પોતાનું કામ પતાવી રાત્રે ગરબીની આરતીમાં તેમના પરિવારનો વારો હોઈ ત્યાં પહોંચ્યા હતા.

આ દરમ્યાન હાર્દિક, જીગર અને તેમના પિતા રતીલાલ અને માતા નિરૂબેન ત્યાં આવ્યા હતા. જ્યાં હાર્દિકે પ્રકાશભાઈને કહેલ કે તમે માતાજીની આરતીમાં આવવાની ના પાડેલ હતી. તેમ છતાં કેમ આવ્યો છે ? તેમ કહી હાર્દિકે પ્રકાશભાઈ ઉપર છરીથી હુમલો કર્યો હોવાનું ફરીયાદમાં લખાવ્યુ છે. આ સાથે જીગર અને તેના પિતા રસીકલાલ અને માતા નિરૂબેને પણ ગડદાપાટુનો માર માર્યો હોવાનું ઉમેર્યુ છે. જે બાદમાં સ્થાનિકો વચ્ચે પડતાં મામલો શાંત પડતાં આરોપીઓએ તેને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાથી તમામ સામે પોલીસ ફરીયાદ નોંધાવી છે. આ તરફ દિયોદર પોલીસે આરોપીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**કોની સામે ફરીયાદ ?**

હાર્દિકભાઈ રતિલાલ બારોટ ● જીગરભાઈ બારોટ ● રતીલાલ બારોટ ● નિરૂબેન રતીલાલ બારોટ, તમામ રહે. જાડા, તા. દિયોદર

# ભિલોડામાં મહાકાલી માતાજીના મંદીરમાં નવચંડી હવન યોજાયો



ભિલોડા, તા.૨૬

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં હાથમતી નદી કિનારે નયનરમ્ય વાતાવરણમાં શ્રી મહાકાલી માતાજીના મંદીર પરીસરમાં આસો સુદ નોમના દિને નવચંડી હવન ભક્તિભાવ પુર્વક યોજાયો હતો. નવચંડી હવન રંગેચંગે, દબદબાભેર, ભક્તિભાવ પુર્વક સંપન્ન થયો હતો. આસો સુદ નોમના દિને યોજાતા નવચંડી હવન નિમિત્તે સાંજે ૬:૦૦ વાગ્યાના અરસામાં નવચંડી હવનમાં કમળ, શ્રીફળ હોમી નવચંડી હવનની પુર્ણાહુતિ કરાઈ હતી. દર્શનાર્થે માંઈ ભક્તો ઉમટ્યા હતા. દર્શનાર્થીઓએ પ્રસાદીનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી.

નવચંડી હવન નિમિત્તે મુખ્ય કર્મકાંડી યજમાન હાર્દિકભાઈ કિર્તીકુમાર દવે (શાસ્ત્રી) સહિત ભુદેવોએ વિધિવિધાન પુર્વક વૈદિક મંત્રોચ્ચાર ધ્વારા સંગીતની શુરાવલી વચ્ચે નવચંડી હવન રંગે-ચંગે સંપન્ન કર્યો હતો. નવચંડી હવનની પુર્ણાહુતિ બાદ આદ્યશક્તિની યજમાનોએ આરતી ઉતારી હતી. કોરોના વાઈરસની વૈશ્વિક મહામારીનો નાશ થાય તેવી પ્રાર્થના માંઈભક્તોએ કરી હતી. શ્રી મહાકાલી સેવા ટ્રસ્ટના ટ્રસ્ટી ભરતભાઈ સી. ત્રિવેદી, યજમાનો, ગ્રામજનો અને સેવાભાવી કાર્યકરો ધ્વારા નવચંડી હવનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

# ભિલોડા ચોકલી ચોકમાં આઠમ નિમિત્તે માતાજીનો ભવ્ય દેખાવ યોજાયો

ભિલોડા,તા.૨૬

ભિલોડામાં શ્રી નવદુર્ગા મંડળ આયોજીત આઠમ નિમિત્તે માતાજીનો ભવ્ય દેખાવ અને આરતીનો કાર્યક્રમ યોજાયો હતો.વર્ષોની પરંપરા અનુસાર શ્રી લક્ષ્મીનારાયણ મંદીર પાસે ચોકલી ચોકમાં નવરાત્રી મહોત્સવ યોજાયો હતો.આસો સુદ આઠમના રોજ માતાજીનો દેખાવ યોજાયો હતો.શ્રધ્ધાળુ ભાવિક ભક્તોએ માતાજીની આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી.

શ્રી નવદુર્ગા મંડળ,હોદ્દેદારો,આયોજકો,કાર્યકરો અને ગ્રામજનોના જણાવ્યા મુજબ માતાજીના આ અદ્ભુત દેખાવની એક ઝાંખીની વિશિષ્ટતા એ છે કે શાસ્ત્રોમાં વર્ણાવ્યા મુજબ બાળકુંવારી બાળાઓને વિદ્વાનો ધ્વારા વિધિવિધાન પુર્વક પુજન, અર્ચન કરીને માતાજી સ્વરૂપે બેસાડી આરતી ઉતારી હતી. આરતીનો લાભ લેવો એ પણ એક અદભુત લહાવો છે. માતાજીનો દેખાવ લગભગ ક્યાંય ન થતો હોવાની લોક વાયકા છે. બાળ કુંવારી બાળાઓમાં શક્તિ પ્રવેશ થવાથી કુંવારી બાળાઓ તેજોમય બને છે. માં અંબા ભવાની, માં મહાકાળી, ભૈરવજી સ્વરૂપની અનુભુતી શ્રધ્ધાળુ ભાવિક ભક્તો કરતા હોય છે. માતાજીનો દેખાવ



અને આરતી વર્ષોની પરંપરા મુજબ વડવાઓ ધ્વારા પરાપુર્વથી ચાલતી આવે છે.

૨૧મી સદીના હાઈટેક યુગમાં પેઢી દર પેઢી ક્રમ અનુસાર માતાજીનો દેખાવ આઠમની રાત્રીએ યોજાય છે. માતાજીના દેખાવની પરંપરા આજે પણ જળવાઈ છે.-ાવરાત્રી મહોત્સવ, આઠમના દેખાવ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી નવદુર્ગા મંડળ, ચોકલી ચોકના સેવાભાવી માંઈ ભક્તો, ગ્રામજનોએ નવરાત્રી મહોત્સવને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. માતાજીના દેખાવ નિમિત્તે ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. શ્રધ્ધાળુ માંઈ ભક્તોએ આરતીનો લાભ લીધો હતો. શ્રધ્ધાળુ ભાવિક ભક્તોએ માતાજીના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. શ્રધ્ધાળુ ભાવિક ભક્તોએ પ્રસાદી મેળવી ધન્યતા અનુભવી હતી.

# ટ્રકમાં વાસદ જવા નીકળેલ ડભોઈના વૃદ્ધાને ટ્રકચાલક રાત્રે ખડોદા નજીક ઉતારી જતો રહ્યો

મોડાસા, તા. ૨૬

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે, અનેક લોકોના ઘર સંસાર તૂટતાં બચાવ્યા છે. તો અનેક મહિલા યુવતીઓને મદદરૂપ થઈ રહી છે. વડોદરા તાલુકાના ડભોઈ નજીક કાપુરાઈ ચોકડી પાસે રહેતા વૃદ્ધા અન્ય મહિલાઓ સાથે આયશર ટ્રકમાં બેસી મહીસાગર વિસ્તારમાં આવ્યા પછી ભૂલા પડ્યા હતા, મહીસાગર નદી નજીક વાસદ જવા ટ્રકમાં બેઠા પછી ટ્રક ચાલકે અગમ્ય કારણોસર મહિલાને રવિવારે રાત્રે મોડાસા તાલુકાના ખડોદા ગામ નજીક ઉતારી દેતા વૃદ્ધા મહિલા ખડોદા ગામમાં પહોંચતા અજાણી વૃધ્ધા મહિલાને ગ્રામજનોએ સાંત્વના આપી પૂછપરછ કરતા વૃદ્ધા ભૂલા પડ્યાનું જણાતા ૧૮૧ અભયમ હેલ્પ લાઈનનો સંપર્ક કરતા ૧૮૧ અભયમ ટીમ ખડોદા પહોંચી વૃધ્ધાની પૂછપરછ કરતા તેઓ નિરાધાર હોવાનું જણાવતા મોડાસા સખી વન સ્ટોપને સુપ્રત કર્યા હતા. વૃદ્ધા મહિલા ખડોદા ગ્રામજનો અને ૧૮૧ અભયમ ટીમની મદદથી કોઈ અનિચ્છનીય ઘટનાનો ભોગ બને તે પહેલા સહીસલામત બચાવી લઈ વતન પહોંચાડવા તજવીજ હાથ ધરી હતી.

વડોદરાના ડભોઈ નજીક આવેલ કપુરાઈ ચોકડી નજીક રહેતા અને નિરાધાર વૃદ્ધા ગંગાબેન ચંદુભાઈ રાવળ રવિવારે અન્ય લોકો સાથે મહીસાગર પ્રવાસે પહોંચ્યા હતા. મહીસાગર નદી નજીક ભૂલા પડતા તેઓ અન્ય ટ્રકમાં બેસી ગયા હતા, ટ્રક ચાલકને વાસદ જવાનું જણાવતા ટ્રક ચાલકે વૃદ્ધાને ટ્રકમાં બેસાડી દીધા હતા ત્યારબાદ અગમ્ય કારણોસર વૃદ્ધાને મોડાસા નજીક આવેલા ખડોદા ગામ નજીક રાત્રીના સુમારે ઉતારી દેતા અજાણ્યા વિસ્તારને પગલે વૃદ્ધા ખડોદા ગામે લાઈટ જોવા મળતા ત્યાં પહોંચ્યા હતા. ગ્રામજનો અજાણ્યા વૃદ્ધાને જોતા તેમને આપવીતી જણાવતા ૧૮૧ અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કરતા ૧૮૧ અભયમ હેલ્પલાઈનની ટીમ ખડોદા પહોંચી હતી. ૧૮૧ અભયમના મનીષાબેને વૃધ્ધાને સાંત્વના આપી પૂછતાછ કરતા નિરાધાર હોવાનું જણાવતા રાત્રિનો સમયના પગલે સખી વન સ્ટોપ મોડાસા ખસેડાયા હતા. મોડાસા સખી વનસ્ટોપની ટીમે મહિલાને તેના વતન પહોંચાડવા તજવીજ હાથ ધરી હતી.